આંક : ૯
દાખલ તારીખ : ૦૨ ૦૬ ૨૦૨૬
નિકાલ તારીખ : ૦૬ ૦૬ ૨૦૨૬
સમયગાળો :
કુલ :

## મે.ના.શ્રી ગાંધીનગરના મુખ્ય સેશન્સ જજ સાહેબશ્રીની અદાલતમાં, ગાંધીનગર.

**<u>ફોજદારી પરચૂરણ અરજી નંબર–૮૬૬/૨૦૨૬</u>**

---

**<u>અરજદાર</u>** : કાસીફઅલી મુસ્તાકઅલી શેખ,
ઉં.વ.–૨૫, ધંધો–નોકરી,
રહે.જેતલપુર પાણીની ટાંકી, હસોટી મંજીલ પાસે,
જેતલપુર, વડોદરા.
(હાલ જયુડીશીયલ કસ્ટડીમાં)

**<u>વિરૂધ્ધ</u>**

સામાવાળા : શ્રી સરકાર

બાબત : **બી.એન.એસ.એસ., ૨૦૨૩ ની કલમ–૪૮૩ મુજબ <u>નિયમીત જામીન મેળવવા અંગેની અરજી.</u>**

| | | |
|---|---|---|
| ગુનો | : | સી.આઇ.ડી. ક્રાઇમ બ્રાન્ચ, ગાંધીનગર ગુના રજીસ્ટર્ડ નંબર–11201018260036–2026 |
| | | બી.એન.એસ., ૨૦૨૩ની કલમ–૩૧૮(૪), ૩૧૭(૨), ૬૧(૨) તથા ઈનર્ફોમેશન ટેકનોલોજી એકટની કલમ–૬૬ (ડી) મુજબ. |

| | | |
|---|---|---|
| અરજદાર તરફે વિ.વ.શ્રી | : | એમ. આર. શેખ |
| સરકારશ્રી તરફે વિ.એ.પી.પી.શ્રી | : | એસ. એસ. પંડયા |

---

## <u>–:: ચૂકાદો ::–</u>

(૧) અરજદાર/આરોપી વિરૂધ્ધ સી.આઇ.ડી. ક્રાઇમ બ્રાન્ચ,

PRINCIPAL DISTRICT & SESSIONS COURT GANDHINAGAR

ગાંધીનગર પોલીસ સ્ટેશન ગુના રજીસ્ટર્ડ નંબર–11201018260036–2026, બી.એન.એસ., ૨૦૨૩ની કલમ–૩૧૮(૪), ૩૧૭(૨), ૬૧(૨) તથા ઈનર્ફોમેશન ટેકનોલોજી એકટની કલમ–૬૬ (ડી) મુજબના ગુના નોંધાતા તપાસ કરનાર અમલદારે અરજદાર/આરોપીની અટક કરી, નિયત સમય મર્યાદામાં હકુમત ધરાવતી અદાલતમા રજુ કરી, રીમાન્ડ મેળવેલ અને રીમાન્ડ અવધી પુર્ણ થતા, ફરીથી અરજદાર/આરોપીને ટ્રાયલ કોર્ટ સમક્ષ રજુ કરવામા આવેલ અને અરજદાર/આરોપીએ ટ્રાયલ કોર્ટ સમક્ષ કરેલ અરજી ટ્રાયલ કોર્ટે રદ ફરમાવી, અરજદાર/આરોપીને જયુડીશીયલ કસ્ટડીમાં મોકલી આપેલ. આમ, અરજદાર/આરોપી જયુડીશીયલ કસ્ટડીમાં હોઇ, નિયમીત જામીન મેળવવા માટે હાલની અરજી દાખલ કરેલ છે.

(૨) અરજદાર/આરોપી સામે આક્ષેપીત ગુનાની ટુંકમા હકીકત એવી છે કે, આ કામના અરજદાર/આરોપી તથા સહ આરોપીઓએ તા.૨૦/૦૫/૨૦૨૫ થી તા.૨૦/૦૫/૨૦૨૬ના સમયગાળા દરમ્યાન એકસંપ થઇ પોતાના અંગત આર્થીક ફાયદા સારૂ પોતાના તથા અન્ય વ્યકિતઓના નામે બેંક ખાતા ખોલાવી, એકબીજાની મદદગારી અને મેળાપીપણામાં છેલ્લા એક વર્ષથી આજ દિન સુધી પોતાના આર્થીક ફાયદા સારૂ સાયબર ક્રાઇમના રૂપિયા સગેવગે કરવા સારૂ બેંક પોતાના તથા અન્ય વ્યકિતઓના બેંક ખાતાની વિગતો પુરી પાડી, સાયબર ફ્રોડના રૂપિયા સગેવગે કરી, ઉપરોકત મુજબના ગુના આચરેલ હોવાના આક્ષેપો છે.

(૩) અરજદાર/આરોપીના વિ.વ.શ્રીએ જામીન અરજી મુજબની દલીલો કરેલ છે અને પોતાની વિશેષ રજુઆત કરતા જણાવેલ છે કે, અરજદાર/આરોપી તદન નિર્દોષ છે, ફરિયાદમાં જણાવ્યા મુજબના કોઇ જ ગુના કરેલ નથી તેમ છતાં તપાસ કરનાર અમલદારે અરજદાર/આરોપીને સદર ગુનામા તદન ખોટી રીતે સંડોવી અટક કરેલ છે. અરજદાર/આરોપી તેમના પરિવારમા એકમાત્ર કમાનાર વ્યકિત છે, મોટી ઉંમરના માતા–પિતા

છે જેઓની દેખભાળ રાખનાર હાલ કોઇ નથી. જો તેમને વધુ સમય જયુડીશીયલ કસ્ટડીમાં રાખવામા આવે તો તેમના પરિવારને પારાવાર આર્થીક મુશ્કેલીમાં મુકાવવું પડે તેમ છે. અરજદાર/આરોપીએ આક્ષેપીત ગુનામા કોઇપણ પ્રકારે પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે ભાગ ભજવેલ નથી. સમગ્ર ફરિયાદ વંચાણે લેતા પણ અરજદાર/આરોપીએ ગુનામાં શું ભાગ ભજવેલ છે તે સ્પષ્ટપણે જણાવેલ નથી. ફરિયાદી પાછળથી ખોટી ઉપજાવી કાઢેલ હકીકતોને આધારે આપવામા આવેલ છે. તપાસ કરનાર અમલદારે અરજદાર/આરોપીના પોલીસ રીમાન્ડ મેળવેલ છે અને તેથી અરજદાર/આરોપીની કસ્ટોડીયલ ઇન્ટ્રોગેશન પુરી થઇ ગયેલ હોઇ, તપાસ કરનાર અમલદારને અરજદાર/આરોપીની કસ્ટડીની કોઇ જરૂરિયાત હોવાનુ જણાઇ આવતુ નથી. અરજદાર/આરોપી સામેના ગુનાની મોટા ભાગની તપાસ પૂર્ણ થઇ ગયેલ છે. આ જ ગુનાના સહ આરોપીઓને નામ. કોર્ટે શરતોને આધીન જામીન પર મુકત કરેલ છે અને તેથી હાલના અરજદાર/ આરોપીને પણ સમાનતાના ધોરણે જામીન પર મુકત કરવા જોઇએ. અરજદાર/આરોપી સામેના કેસની ટ્રાયલ ચાલી નિકાલ થવામા ઘણો સમય પસાર થાય તેમ છે. સમગ્ર ટ્રાયલ દરમ્યાન અરજદાર/આરોપીને જયુડીશીયલ કસ્ટડીમાં રાખવામા આવે તો તેમને તેમની સામેનો કેસ પુરવાર થાય તે પહેલા સજા કર્યા બરાબર ગણાશે, જે ન્યાયોચીત નથી. અરજદાર/આરોપી અરજીમા જણાવેલ સરનામે કાયમી અને સ્થાયી વસવાટ કરે છે, કયાંય નાસી ભાગી જાય તેમ નથી. જે તમામ હકીકતો ધ્યાનમા રાખી, અરજદાર/આરોપીને જામીન પર મુકત કરવા અરજ કરેલ છે. નામ. કોર્ટ અરજદાર/આરોપીને જામીન પર મુકત કરશે તો, ફરિયાદપક્ષના કેસને નુકશાન થાય અથવા તો ચેડા થાય તેવુ કોઇ કૃત્ય કરશે કરાવશે નહી, કયાંય નાસી ભાગી જશે નહી, ટ્રાયલ દરમ્યાન નિયમીત હાજર રહેશે. તેમજ નામ. કોર્ટ જામીન પર મુકત કરવા સંબંધે જે કોઇ શરતો ફરમાવશે તે તમામ શરતોનુ ચુસ્તપણે પાલન કરશે. વગેરે હકીકતો જણાવી, અરજદાર/આરોપીએ હાલની નિયમીત જામીન મેળવવા અંગેની અરજી મંજુર કરવા અરજ કરેલ છે.

(૩.૧) અરજદાર/આરોપીના વિ.વ.શ્રીએ તેમની દલીલોના સમર્થનમાં નીચે મુજબના ચૂકાદા રજુ રાખેલ છે અને તેમાં ઠરાવેલ સિધ્ધાંત પર આધાર રાખેલ છે.

૧. ૨૦૨૬ સુપ્રીમ (એસ.સી.) પેજ નંબર–૧૨૫,
સતેન્દર કેમાર અંતીલ વિ. સી.બી.આઇ. અને બીજાઓ,
૨. ૨૦૨૬ સુપ્રીમ (એસ.સી.) પેજ નંબર–૧૮૯૦,
મીહીર રાજેશ શાહ વિ. સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર અને બીજાઓ,

**(૪)** આ સામે સરકારશ્રી તરફે વિ.એ.પી.પી.શ્રી એસ.એસ.પંડયાએ તપાસ કરનાર અમલદારશ્રીના સોગંદનામા મુજબની રજુઆતો કરેલ છે અને વિશેષ રજુઆતમા જણાવેલ છે કે, આ કામના અરજદાર/આરોપીએ સહ આરોપીઓ સાથેના મેળાપીપણામાં પોતાના તથા અન્ય વ્યકિતઓના નામે બેંક ખાતા ખોલાવી, સાયબર ક્રાઇમના રૂપિયા સગેવગે કરવા તે બેંક ખાતાની વિગતો સહ આરોપીઓને પુરી પાડી, સાયબર ક્રાઇમના રૂપિયા સગેવગે કરી, કમીશન પેટે રૂા.૫૦,૦૦૦/– નો આર્થીક લાભ મેળવેલ છે. જેમાં હાલના અરજદાર/આરોપીની ભૂમિકા સ્પષ્ટ હોઇ, અરજદાર/આરોપી સામે આક્ષેપીત ગુના અન્વયે પ્રથમ દર્શનીય કેસ હોવાનુ જણાઇ આવે છે. અરજદાર/આરોપી સામે આ પ્રકારની અન્ય ત્રણ ફરિયાદો પણ થયેલ. આમ, અરજદાર/આરોપી ગુનાહિત ભુતકાળ ધરાવતા રીઢા ગુનેગાર છે. જો અરજદાર/આરોપીને જામીન પર મુકત કરવામા આવશે તો, તેમને કાયદાનો કોઇ ભય રહેશે નહી, ફરીથી આ પ્રકારના આર્થીક ગુના અથવા તો અન્ય ગુના આચરતા રહેશે. તેમજ જામીન પર મુકત થયા બાદ નાસી ભાગી જશે, ટ્રાયલ દરમ્યાન નિયમીત હાજર રહેશે નહી અને બીનજરૂરી ટ્રાયલ વિલંબમાં નાંખશે. અરજદાર/આરોપીએ સહ આરોપીઓને જામીન પર મુકત કરવામા આવેલ હોઇ, સમાનતાના ધોરણે જામીન પર મુકત કરવા અરજ કરેલ છે. પરંતુ જામીન પર મુકત કરવામા આવેલ સહ આરોપીઓ તથા હાલના અરજદાર/આરોપીએ ગુનામા ભજવેલ રોલ જોતા, તદન અલગ હોઇ, અરજદાર/આરોપી સમાનતાનો લાભ મેળવી શકે નહી. જે તમામ હકીકતોને ધ્યાનમા રાખી, અરજદાર/આરોપી તરફથી કરવામા આવેલ હાલની જામીન

અરજી પણ રદ ફરમાવવા વિનંતી કરેલ છે.

(૫) આ કામે બંને પક્ષકારો તરફે થયેલ રજુઆતો, એફ.આઇ.આર. ની હકીકતો તથા તપાસ કરનાર અમલદારનુ સોગંદનામુ તથા રજુ થયેલ પોલીસ પેપર્સ વંચાણે લીધા. અરજદાર/આરોપીના વિ.વ.શ્રીએ તેમની રજુઆતોના સમર્થનમાં રજુ કરેલ ચૂકાદા ધ્યાને લીધા. સદર ચૂકાદામા પ્રસ્થાપીત થયેલ સિધ્ધાંત સાથે આ અદાલત માનસહ સહમત થાય છ. આ કામના અરજદાર/આરોપીએ સહ આરોપીઓ સાથે મળી પુર્વ આયોજીત ગુનાહિત કાવતરાના અનુસંધાને એકસંપ થઇ પોતાના તથા અન્ય વ્યકિતઓના નામે, અલગ અલગ રાજયોની અલગ અલગ બેંકોમા ખાતા ખોલાવી તેમા સાયબર ક્રાઇમના રૂપિયા જમા કરાવી, તે બેંક ખાતાની વિગતો સહ આરોપીઓને પુરી પાડી, સાયબર ક્રાઇમની રકમ સગેવગે કરવામા સહ આરોપીઓને મદદગારી કરેલ છે અને માટે કમીશન પેટે મોટી રકમ મેળવેલ છે. અરજદાર/આરોપીને અટક કર્યા બાદ તપાસ કરનાર અમલદારે અરજદાર/આરોપીના પોલીસ રીમાન્ડ મેળવેલ છે, તે દરમ્યાન અરજદાર/આરોપી પાસેથી કોઇ મુદામાલ રીકવર કે ડીસ્કવર થયેલ નથી. તપાસ કરનાર અમલદારે અરજદાર/આરોપીના રીમાન્ડ મેળવેલ હોઇ, અરજદાર/આરોપીની કસ્ટોડીયલ ઇન્ટ્રોગેશન પૂર્ણ થઇ ગયેલ છે. આ જ ગુનાના સહ આરોપીને શરતોને આધીન નિયમીત જામીન પર મુકત કરવામા આવેલ છે, જામીન પર મુકત થયેલ સહ આરોપી તથા હાલના અરજદાર/આરોપીએ ગુનામા ભજવેલ રોલ લગભગ એક સરખો જ છે. તેથી અરજદાર/આરોપી સમાનતાના ધોરણે જામીન પર મુકત થવા હકકદાર બને છે. વધુમા તપાસ કરનાર અમલદારે અરજદાર/આરોપીને અટક કરવા અંગેના કારણો અગાઉથી જણાવેલ નથી અને આરોપીને કોર્ટમા રજુ કરતી વખતે જણાવેલ છે. જે હકીકત ખુદ તપાસ કરનાર અમલદારે સ્વીકારેલ છે. કાયદાના પ્રસ્થાપીત સિધ્ધાંતો મુજબ આરોપીને કોર્ટ સમક્ષ રજુ કરવામા આવે તે અગાઉ આરોપીને અટક કરવાના કારણો જણાવવા જરૂરી છે. વળી, અરજદાર/આરોપીએ ગુનો આચરેલ છે કે, કેમ તે પુરાવાનો વિષય છે, સમગ્ર

ટ્રાયલ દરમ્યાન અરજદાર/આરોપીને જ્યુડીશીયલ કસ્ટડીમાં રાખવામા આવે તો, તેમને તેમની સામેનો ગુનો પુરવાર થાય તે પહેલા સજા કર્યા બરાબર ગણાશે, જે પણ ઉચીત જણાતુ નથી. જે તમામ હકીકતો તેમજ અરજદાર/આરોપી સામે આક્ષેપીત ગુનાનો પ્રકાર, સજાની જોગવાઇ ધ્યાનમા લેતા, અરજદાર/આરોપીને જામીન પર મુકત કરવાનુ ઉચીત જણાય છે. તેમ છતાં, તપાસ કરનાર અમલદારે વ્યકત કરેલ દહેશત ધ્યાને લેતા, તેમજ અરજદાર/આરોપીનો ગુનાહિત ભુતકાળ ધ્યાને લેતા, અરજદાર/આરોપીને મોટી રકમના જામીન તથા આકરી શરતોને આધીન જામીન પર મુકત કરવા અંગેની વિવેકાધીન સત્તાનો ઉપયોગ કરવાનુ ન્યાયી અને વ્યાજબી જણાતુ હોઇ, નીચે મુજબનો હુકમ કરવામા આવે છે.

## <u>-:: હુકમ ::-</u>

(૧) આ કામના અરજદાર/આરોપીની હાલની અરજી આથી મંજુર કરવામા આવે છે.

(૨) આ કામના અરજદાર/આરોપીનેસી.આઇ.ડી. ક્રાઇમ બ્રાન્ચ, ગાંધીનગર પોલીસ સ્ટેશન ગુના રજીસ્ટર્ડ નંબર-11201018260036-2026, બી.એન.એસ., ૨૦૨૩ની કલમ-૩૧૮(૪), ૩૧૭(૨), ૬૧(૨) તથા ઇનર્ફોમેશન ટેકનોલોજી એકટ ની કલમ-૬૬ (ડી) મુજબના ગુનાના કામે **રૂ.૨૫,૦૦૦/- (અંકે રૂપિયા પચીસ હજાર પુરા)**ના સધ્ધર જામીન તથા તેટલી જ રકમના જાત મુચરકા હકુમત ધરાવતી સબંધીત અદાલતમા રજુ કર્યેથી નીચે ની શરતોને આધીન નિયમીત જામીન પર મુકત કરવામા આવે છે.

**<u>શરતો</u>** :

:૧: અરજદાર/આરોપીએ ફરિયાદપક્ષના સાહેદોને ધાક-ધમકી, લોભ-લાલચ આપવા-અપાવવા નહી. તેમજ ફરિયાદપક્ષના સાહેદ પુરવા સાથે ચેડા થાય અથવા તો ફરિયાદપક્ષના કેસને નુકશાન થાય તેવુ કોઇ કૃત્ય કરવું-કરાવવુ નહી. તેમજ તપાસ કરનાર અમલદારને ગુનાની તપાસમા પુરતો સાથ અને સહકાર આપવો.

:૨: અરજદાર/આરોપી તથા જામીનદારોએ જામીન આપતી વખતે પોતાના રહેઠાણનુ પાકુ અને કાયમી સરનામુ (આધાર પુરાવા તથા ટેલીફોન /મોબાઇલ નંબર સહિત)નું પુરૂ પાડવું અને તેમાં ટ્રાયલ કોર્ટ ની પુર્વ પરવાનગી વગર કોઇ ફેરફાર કરવો નહી. જો કોઇ ફેરફાર થાય તો, ટ્રાયલ કોર્ટ તથા સબંધીત પોલીસ સ્ટેશનમા તુરત જ તેની લેખીત જાણ કરવી.

:૩: અરજદાર/આરોપી પાસપોર્ટ ધરાવતા હોય તો, તેઓએ પોતાનો પાસપોર્ટ હકુમત ધરાવતી સબંધીત અદાલતમા જમા કરાવવો અને જો પાસપોર્ટ ધરાવતા ન હોય તો, તે મુજબનુ સોગંદનામુ હકુમત ધરાવતી સબંધીત અદાલત સમક્ષ કરવું.

:૪: અરજદાર/આરોપીએ સદર ગુનાનુ ચાર્જશીટ રજુ ન થાય ત્યાં સુધી દર માસની ૧ લી (પેહલી) તથા ૧૫ મી (પંદરમી) તારીખે સબંધીત પોલીસ સ્ટેશનમાં સવારના ક.૧૧.૦૦ થી બપોરના ક.૧૪.૦૦ વાગ્યાના સમય ગાળા દરમ્યાન અચૂક હાજરી પુરાવવી.

:૫: અરજદાર/આરોપીએ હકુમત ધરાવતી સબંધીત અદાલતની પુર્વ પરવાનગી વગર ભારત દેશની હદ છોડી બહાર જવુ નહી.

:૬: અરજદાર/આરોપીએ તેઓની સામેના કેસની ટ્રાયલ દરમ્યાન દરેક મુદતે નિયમીતપણે અચૂક હાજર રહેવું.

:૭: અરજદાર/આરોપીએ પોતાની જાતને ભવિષ્યમા આ પ્રકારની અથવા તો અન્ય કોઈપણ પ્રકારની ગુનાહિત પ્રવૃત્તિમા સંડોવવી નહી.

:૮: અરજદાર/આરોપીએ તેઓ વિરૂધ્ધ ફરમાવવામા આવેલ ઉપરોકત તમામ શરતોનુ ચુસ્તપણે પાલન કરવુ. ઉપરોકત ફરમાવવામા આવેલ શરતો પૈકી કોઈપણ શરતનો ભંગ થયેથી અરજદાર/આરોપીના જામીન આપોઆપ રદ ગણાશે. જે અંગેની કાર્યવાહી હકુમત ધરાવતી સબંધીત અદાલતે કરવાની રહેશે.

હુકમ આજ રોજ તારીખ ૦૬ ઠી, માહે–જૂન, સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, સહી કરી જાહેર કર્યો.

તારીખ :૦૬/૦૬/૨૦૨૬ (***આશિષ જે. એસ. મલ્હોત્રા***)
સ્થળ : ગાંધીનગર. મુખ્ય સેશન્સ જજ, ગાંધીનગર.
(કોડ નંબર–જીજે ૦૧૫૦૪)

(B.H.K.)

PRINCIPAL DISTRICT & SESSIONS COURT GANDHINAGAR सत्यमेव जयते